For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# કારેલીબાગ જલારામ નગર-1માં પીવાના પાણી માટે હાહાકાર

## પાણી માટે ગૃહિણીને વલખા : એક મહિનો વીતિ ગયો છતાં સમસ્યા યથાવત્, તંત્ર નિષ્ક્રિય અને લોકોને પાણી માટે ખંખેરાવું પડી રહ્યું છે

**સ્થાનિક** રહેવાસીઓએ તંત્રના દરવાજા ઘણીવાર ખખડાવ્યા, પરિણામ શૂન્ય

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરાના જલારામ નગર-1 વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. છેલ્લા એક મહિનાથી લોકોની ટાંકીમાં પાણીનું એક બૂંદ પણ આવ્યું નથી. પરિણામે રહેવાસીઓએ પૈસા ખર્ચીને બહારથી પાણી મંગાવવાનું શરૂ કર્યું છે. સ્થાનિક રહેવાસીઓએ તંત્રના દરવાજા ઘણીવાર ખખડાવ્યા છે. કોર્પોરેટરને અનેકવાર રજૂઆત કરવામાં આવી છે, પણ હજુ સુધી કોઈ હલ મળ્યું નથી. પાણી જેવી મૂળભૂત જરૂરિયાત માટે હવે લોકો માટલા ફોડી, થાળી ખખડાવી અને રસ્તા પર ઉતરીને પોતાની વેદના તંત્ર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

રહેવાસીઓનો આક્ષેપ છે કે ચૂંટણીઓ સમયે મત લેવા રાજકીય આગેવાનો વચન આપીને જાય છે, પણ પછી પછાત વિસ્તારોની મુશ્કેલીઓ તરફ કોઈ ધ્યાન આપતું નથી. શહેરનું બજેટ હજારો કરોડનું હોવા છતાં આજે પણ ઘણા વિસ્તારોમાં પાણી જેવી જીવનજરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નથી. ગત રોજ શહેરના બે અન્ય વિસ્તારોમાં પણ મહિલાઓએ પીવાના પાણીના પ્રશ્નને લઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જલારામ નગરના લોકોને હવેથી એક જ આશા છે કે તંત્ર જાગે અને તાત્કાલિક પાણીની સમસ્યાનું નિરાકરણ લાવે, નહીં તો આ તકલીફ વિરોધમાં ઉગ્ર આંદોલનમાં ફેરવાઈ શકે છે.નલ સે જળ યોજના ફક્ત કાગળ પર જ રહી ગઈ છે.30 વર્ષો થી ભાજપ સરકાર છતાં વિસ્તારની પાણીની સમસ્યા ઉકેલાઈ નથી. સ્થાનિકો નું કેહવુ છે સમયસર પાણી ન મળતાં લોકો રૂપિયા ખર્ચી ટેન્કર વડે પાણી માંગવું પડે છે અને તે મોગુ પડે છે . એક બેડાં પાણી માટે મહિલાઓને હાલાકી નો સામનો કરવો પડે છે.

વડોદરા પાણીની કાયમી તંગીની સમસ્યાથી ત્રસ્ત એવા કારેલીબાગ જલારમનગરના વિસ્તારની પ્રજાની હાલત ઉનાળામાં જ કફોડી બની છે. સરકાર દ્વારા નલ સે જલ યોજના અમલી બનાવીને તે સફળ રહી હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ આ કારેલીબાગ વિસ્તારોમાં આજે પણ પાણી વેચાતું લાવવું પડે છે. જેને કારણે સ્થાનિકો માં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પીવાના પાણીની સમસ્યા વોર્ડ નં 3ના વિસ્તારની મહિલાઓને એક બેડા પાણી માટે વલખા મારવા પડે છે. ટેન્કરોના ભરોસે ક્યારે પાણી આવશે તેની કાગડોળે રાહ જોઈને બેસી રહેવું પડે છે. જેથી લોકોની હાલત કફોડી બની છે. ભર ઉનાળામાં જ જલારામ નગરના લોકોને વેચાતું પાણી મેળવવું પડે છે. જેથી સ્થાનિક લોકો ચિંતિત બન્યા છે. ત્યારે વિસ્તારના લોકોની પીવાના પાણીની સમસ્યાનું વડોદરા મહાનગર પાલિકા વહીવટી તંત્ર દ્વારા સત્વરે નિરાકરણ લાવવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.



### કોર્પોરેટર રૂપલબેનને ફરિયાદ કરી છતાં આજ સુધી જોવા પણ આવ્યા નથી

અમારા વિસ્તાર માં પાણી ની લાઇન 25 વર્ષ પૂર્વે નાખવામાં આવી હતી અને હાલ પાણી ની લાઇન અને મુખ્ય વાલ બેસી ગયો છે તે પણ રીપેર કરવામાં આવતો નથી જેને કારણે વિસ્તાર માં પાણી આવતું નહિ છેલ્લા એક મહિના થી અમે પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે . અમે વારંવાર વોર્ડ કચેરી એ જઈ ફરિયાદ કરી છે સ્થાનિક કોર્પોરેટર રૂપલબેન ને પણ અવાર નવાર જણાવ્યું છે તેમ છતાં કોઈ જોવા સુધ્ધા પણ આવતું નથી વોટ લેવા આવી જાય છે પરંતુ વિસ્તારના લોકો ની સમસ્યા નો નિકાલ કરવા કોઈ આવતું નથી. જેથી મહિલાઓને પાણી માટે વલખા મારવાનો વારો આવ્યો છે. ખાનગીમાં પાણીનું ટેન્કર મોંઘા ભાવે મળે છે. જેથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તે પોસાય તેમ નથી. માટે પાલિકા દ્વારા આ વિસ્તારમાં પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ કરવામાં આવે તેવી માંગ લોકો કરી રહ્યા છે.

## પાણીના ઓછા દબાણના કારણો બહાર આવ્યા પાણીની લાઇનમાં બોટલ-લાકડાના ટૂકડા મળ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરામાં ઉનાળાની શરૂઆત સાથે પીવાના પાણીનો કળાકલ શરૂ થયો છે. શહેરના અનેક વિસ્તારોમાં નળોમાંથી પાણી નહીં આવવા કે ખૂબ ઓછી માત્રામાં આવવાના પ્રશ્નો સામે આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં પાણીની લાઈનોમાંથી પ્લાસ્ટિકની બોટલ, લાકડાના મોટા ટુકડા અને માટીનો રગડો મળ્યો છે. ખાસ કરીને ખોડીયાર નગરના સુમેરુ ડુપ્લેક્સ વિસ્તારમાં લાઈન કાપીને તપાસ કરતા અશુદ્ધિઓનો ભરડો જોવા મળ્યો હતો. આ અવરોધો દૂર કર્યા પછી પાણીનો દબાણ સુધરતાં ફરિયાદોનો ઉકેલ આવી ગયો.

અહીં સુધી કે માંજલપુર વિસ્તારમાં આખા 25 વર્ષ બાદ પાણી સીધું રસોડા સુધી પહોંચતાં નળ તૂટી ગયો. સ્થાનિકોએ જણાવ્યું કે અત્યાર સુધી તેઓ માત્ર સંપમાં આવેલા પાણીથી મોટર મારફતે પાણી મેળવતા હતા. પરંતુ લાઈનોમાં સફાઈ પછી દબાણ વધતાં આ ઘટના બની.



દબાણ કરતા તત્વો પર તંત્રની સરપ્રાઈઝ વિઝિટ ભારે પડી

## માત્ર 3-4 લારી હાથ લાગી, કાર્યવાહી પેહલા દબાણો અચાનક ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરામાં તંત્રએ અવરોધરૂપ બનતા દબાણ ધારકો સામે લાલ આંખ કરી છે. તંત્રએ વોર્ડ નં17 સ્થિત હજીરાથી દંતેશ્વર તરફના દબાણો દૂર કરવા કાફલા સાથે પોલીસ બંદોબસ્તની પ્રતિક્ષા કરતી દબાણની ટીમ કાર્યવાહી કરે તે પૂર્વે જ દબાણો સમેટાયા અને ઓપરેશનનો થયો ફિયાસ્કો જોકે વાળંદની ખુરશી સહિત નાના મોટા દબાણ દૂર કરી દબાણ શાખાએ સંતોષ માન્યો હતો. નવા કોમ્પ્લેક્સ પાસેના અનેક દબાણો સામે પાલિકાની દબાણ શાખા ટીમ વહલા દાઉલા ની નીતિ સામે આવી.

વોર્ડ નં17 સ્થિત હજીરાથી દંતેશ્વર તરફના વિસ્તારમાં પોલીસ ટીમ આવ્યા પછી દબાણ શાખાની ટીમ સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. જ્યાં તંત્રએ નડતરરૂપ દબાણો દૂર કરી હતા. આ ઉપરાંત લોકોને દબાણો ના કરવા સ્પષ્ટ સૂચનાઓ પણ આપી હતી.



વડોદરા મહાનગરપાલિકાના શહેર પોલીસ અને પાલિકા દબાણ શાખાની ટીમને સાથે રાખી શહેરના ભરચક-ભીડભાડ વાળા રસ્તા અને ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં સરપ્રાઈઝ વિઝીટ કરી હતી. જ્યાં જાહેર માર્ગ પર ટ્રાફિકને અવરોધરૂપ બનતા ગેરકાયદેસર લારી, પથારાવાળા સહિતના દબાણ ધારકોને કડક સૂચના આપી હતી.

સૂચના આપવા ઉપરાંત જો નહીં માને તો કાર્યવાહી કરવા પણ જણાવ્યું હતું. બીજી તરફ દબાણ શાખા દ્વારા નડતરરૂપ દબાણો હટાવી ત્રણથી ચાર લારીઓ ટેમ્પો માં ભરી માલ સામાન જપ્ત કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે અનઅધિકૃત દબાણો છે. એને હટાવવાની કામગીરી ચાલુ રહેશે. મ્યુનિસિપલ કોર્પોરેશનને સહયોગ મળે એ માટે પોલીસની ટીમ પણ હાજર છે. સંયુક્ત રીતે આ કાર્યવાહી હાથ ધરશે. આ સમસ્યાનો કાયમી ઉકેલ આવે તે માટે જોઈન્ટ એન્ફોર્સમેન્ટની ટીમ બનાવીને અમે આ સમસ્યાનું સમાધાન કરીશું.

## ગોરવા આશિયાપાર્કમાં ગેરકાયદેસર દબાણો પર VMC ની કડક કાર્યવાહી

**ઓટલા** ગેટ સહિત ગેરકાયદે રીતે બાંધવામાં આવેલા બાંધકામો તોડી પાડવામાં આવ્યા



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ની દબાણ શાખાએ સ્થાનિક પોલીસ અને ફાયર ટીમોના સહયોગથી ગોરવા મધુનગર આશ્યા પાર્ક નજીક ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે એક ઝુંબેશ હાથ ધરી હતી. આ કામગીરીના પરિણામે ઓટલા ગેટ સહિત ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા, જેના કારણે સ્થાનિક રહેવાસીઓને રાહત મળી હતી જેઓ આ દબાણો ને કારણે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા.

જાહેર જગ્યાઓ પરથી દબાણો દૂર કરવાના પાલિકા ના પ્રયાસો વ્યવસ્થા જાળવવા અને જાહેર વિસ્તારોનો તેમના હેતુસર ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા માટે એક મોટી પહેલનો ભાગ છે. આ ઝુંબેશ વડોદરાના રહેવાસીઓને સલામત અને સુલભ જાહેર જગ્યાઓ પૂરી પાડીને તેમના જીવનની ગુણવત્તા વધારવા માટે કોર્પોરેશનની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

સંવેદનશીલ વિસ્તારોમાંથી દબાણો દૂર કરવામાં પાલિકા તંત્ર સક્રિય રહ્યું છે, અને આ નવીનતમ ઝુંબેશ શહેરના માળખાગત સુવિધાઓ અને એકંદર વિકાસ પર સકારાત્મક અસર કરશે. આવી પહેલો સાથે, પાલિકા તંત્રનો ઉદ્દેશ્ય વડોદરાના નાગરિકો ને ગેરકાયદેસર દબાણો અને બાંધકામો થી પડતી મુશ્કેલીઓ અને વાહન વ્યવહાર કરવામાં ભરતી અગવડતા તેમજ જાહેર માર્ગ પર દબાણ કરી રસ્તાઓ રોકી કરવામાં આવતા વેપાર ના કારણે રસ્તા પર આવા જાહી કરતા વાહનોને ટ્રાફિક સમસ્યા થી પરેશાન થવું પડતું હોય છે અને અકસ્માતનો ભરી રહે છે જેના કારણે વડોદરા મહાનગરપાલિકા દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી નાગરિકોને સુરક્ષા આપવા હેતુ કાર્યવાહી કરવામાં આવે છે.

## ગરમીનો પારો વધીને 40.4 ડિગ્રીએ પહોંચતા રોડ સૂમસાન

**શહેરમાં** ફરી એકવાર ગરમીનો બીજો રાઉન્ડ શરૂ, લોકો કાળઝાળ ગરમીથી ત્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા. 16

બુધવારે ફરી એકવાર ગરમીનો પારો 40ડિગ્રી ને પાર પહોંચી જતાં લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. આગામી મે - જૂન મહિના દરમિયાન ગરમીનું મોજું રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે સાથે જ આ વર્ષે ચોમાસુ સામાન્ય કરતાં સારું રહેવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

તા. 15 થી 17 એપ્રિલ દરમિયાન ગરમીના પ્રમાણમાં વધારો જોવા મળે સાથે જ ઉત્તર ગુજરાત અને દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં ગરમીનું મોજું રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. શહેરમાં બુધવારે મહત્તમ તાપમાનમાં 1.0 ડિગ્રી નો વધારો નોંધાયો હતો જેના કારણે શહેરમાં મહત્તમ તાપમાન 40.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે લઘુત્તમ તાપમાનમાં 2.1 ડિગ્રી સેલ્સિયસ વધારો જોવા મળ્યો હતો જેના કારણે લઘુત્તમ તાપમાન 26.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 25% રહેવા પામ્યું હતું. લોકોને દિવસે તથા રાત્રિ દરમિયાન ગરમી, ઉચાટ તથા બફારાનો અનુભવ થયો હતો. શહેરના લોકો બાળકોના પરીક્ષા પૂર્ણ થતાં વેકેશનમાં સ્વિમિંગ પૂલ તથા બગીચાઓ, બહાર વનરાજી વિસ્તારોમાં ફરવાનું આયોજન કરી રહ્યા છે જેથી કાળઝાળ ગરમીથી બચી શકાય અને કુદરતી વાતાવરણમાં, ન્હાવા સહિતનો આનંદ માણી શકાય. બીજી તરફ શહેરમાં એ.સી. કુલર,પંખા ની ખરીદીમાં પણ ઉછાળો જોવા મળી રહ્યો છે તો બીજી તરફ વીજ માંગ પણ વધી છે.

એમએસયુના પ્રો.સતીષ પાઠકે શિક્ષણ મંત્રીને કરેલી ધારદાર રજૂઆતની અસર

## ભા.શિક્ષણ મંડળના 56મા સ્થાપના દિવસના કાર્યક્રમમાં અધ્યક્ષતા પ્રો.વિજયકુમાર શ્રીવાસ્તવને સોંપતા વિવાદ

**રજૂઆત** બાદ તાત્કાલિક વિજયકુમારના નામને દૂર કરી ઈન્ડ્સ વિશ્વ વિદ્યાલયના રામશર્માને અધ્યક્ષતા સોંપાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

ભારતીય શિક્ષણ મંડળ ગુજરાત પ્રાંત કર્ણાવતી મહાનગરના 56 માં સ્થાપના દિવસના અવસર ઉપર આગામી તારીખ 21મી એપ્રિલના રોજ ઈન્ડસ યુનિવર્સિટી અમદાવાદ મુકામે આયોજિત કાર્યક્રમની અધ્યક્ષતા માટે પત્રિકામાં વિજય કુમાર શ્રીવાસ્તવના નામનો ઉલ્લેખ કરવામાં આવતા એમએસ યુના પ્રોફેસર સતીશ પાઠકે આ બાબતે રાજ્યના શિક્ષણ મંત્રીને રજૂઆત કરતા તાત્કાલિક ધોરણે વિજયકુમાર શ્રીવાસ્તવની નામની બાદબાકી કરી તેમની જગ્યાએ ઈન્ડ્સ વિશ્વવિદ્યાલયના સેન્ટર ફોર ઈંડિક સ્ટડીઝના સંયોજક રામ શર્માજીની અધ્યક્ષતા તરીકે નવી પત્રિકા જારી કરી હતી.




એમએસ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના પ્રોફેસર સતીશ પાઠકે રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા ને કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે ભારતીય શિક્ષણ મંડળ દ્વારા તા. 21 એપ્રિલ 2025 ના રોજ ઈન્ડ્સ યુનિવર્સિટી, અમદાવાદ મુકામે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેનાર છો. જે અત્યંત ગૌરવપૂર્ણ બાબત છે.

વિવાદાસ્પદ ભૂતકાળ ધરાવનાર અને આ કાર્યક્રમની અધ્યક્ષતા કરનાર વિજય કુમાર શ્રીવાસ્તવ આ કાર્યક્રમમાં આપની સાથે મંચ પર બિરાજે તે આપની, સંઘની અને સરકારની વિશ્વસનીયતા અને પ્રતિષ્ઠાને લાંછન લગાવે તેવી બાબત છે. કારણકે વિજય કુમાર શ્રીવાસ્તવની ગેરલાયકાત બાબતે તેમની સામે ચાલતા હાઈકોર્ટના કેસને લીધે તેઓએ વડોદરાની ખ્યાતનામ મ.સ.યુનિવર્સિટીના કુલપતિ પદેથી અત્યંત શરમજનક રીતે રાજીનામુ મૂકવું પડ્યું હતું. આ મુદ્દે સરકારે કે સંઘે ક્યારેય તેઓને છાવરવાનો કે બચાવવાનો પ્રયત્ન સુદ્ધાં કર્યો નથી. ભારતીય શિક્ષણ મંડળ ગુજરાત પ્રાંતના અધ્યક્ષ બની બેઠેલા આ વિવાદાસ્પદ વ્યક્તિ વિજય કુમાર શ્રીવાસ્તવે માતૃભૂમિની સેવા હેતુ સમર્પિત, અનુશાસન અને નિષ્ઠાના પર્યાય અને વિશ્વના સૌથી મોટા સ્વયંસેવી સંગઠન RSS તેમજ રાજ્યની સંવેદનશીલ સરકાર સાથે છેતરપિંડી આચરી છે. આપના પ્રતિ અમારી અતિ સમ્માનની લાગણી અને ઉપરોક્ત બાબતોની સૂચક ગંભીરતાને ધ્યાને લઈને કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી ના આપો તે માટે રજુઆત કરી હતી. આ રજૂઆત ધ્યાને આવતા ની સાથે જ તાત્કાલિક કાર્યક્રમની પત્રિકામાંથી વિજયકુમાર શ્રીવાસ્તવ ના નામ અને દૂર કરવામાં આવ્યું હતું અને તેમની જગ્યા પર અધ્યક્ષતા માટે ઈન્ડ્સ રામ શર્માજીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## ન.પ્રા.શિ.સમિતિના શાસનાધિકારી શ્વેતા પારગીની શિશોર ખાતે બદલી

**નવા** શાસનાધિકારી તરીકે સાવલી સરકારી માધ્યમિક શાળાના આચાર્ય વિપુલ ભરતીયા ચાર્જ લેશે

**શિક્ષણ** સેવા વર્ગ બેના શિક્ષણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ફરજ બજાવતા કુલ 14 અધિકારીઓની સામૂહિક બદલી

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

શિક્ષણ સેવા વર્ગ બેના શિક્ષણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ફરજ બજાવતા 14 અધિકારીઓની સામૂહિક બદલી સરકાર દ્વારા કરાઈ છે જેમાં વડોદરા શહેર અને જિલ્લામાંથી બે અધિકારી જેમાં એક સાશનાધિકારી અને એક સરકારી માધ્યમિક શાળાના આચાર્યની બદલી કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ગુજરાત શિક્ષણ સેવા વર્ગ 2 ના કુલ 14 અધિકારીઓની કરાયેલી બદલીમાં વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી શ્વેતા પારગીને તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના સરકારી માધ્યમિક શાળા શિશોર ખાતે બદલી કરાઈ છે. જ્યારે તેમની જગ્યા પર સાવલીની સરકારી માધ્યમિક શાળાના આચાર્ય વિપુલ ભરતીયાને વડોદરા શાસન અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. આ સિવાય મધ્ય ગુજરાતમાંથી ખેડા જિલ્લામાંથી સરકારી માધ્યમિક શાળા બાવરા ખાતે અમદાવાદ વ્યવસાય માર્ગદર્શન અધિકારી કુલસુમબેન ઘાંચીની બદલી કરાઈ છે. દાહોદ ઈટાવા ખાતે સરકારી માધ્યમિક શાળામાં પંચમહાલના શિક્ષણ નિરીક્ષક જીગ્નેશકુમાર પટેલની બદલી કરવામાં આવી છે. જ્યારે ખંગેલા સરકારી માધ્યમિક શાળા દાહોદ ખાતે પંચમહાલના શિક્ષણ નિરીક્ષક રમેશભાઈ પારગીની બદલી કરાઈ છે.

પાણીની લાઇનની કામગીરી દરમિયાન વીજ કેબલ કપાતાં સવારે 9:50 થી 12:20સુધી વીજકાપ

## પાલિકા તંત્ર તથા વીજ કંપની વચ્ચે કામગીરીના સંકલનના અભાવે બાપોદના રહીશો બે દિવસથી વીજળી વિના ત્રાહિમામ

(પ્રતિનિધિ) વડોદરા તા. 16

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડિયારોડ સ્થિત બાપોદ જકાતનાકા ખાતે રંગવાટિકા પાસે પાણીની લાઇનની કામગીરી દરમિયાન વીજ કેબલ કપાતાં બુધવારે સવારે 9:50 થી બપોરે 12:20 સુધી લોકોને ગરમીમાં પરેશાન થવાનો વારો આવ્યો હતો મંગળવારે પણ બે કલાક વીજકાપ રહ્યો હતો.પાલિકા તંત્ર તથા વિજ કંપની વચ્ચે કામગીરી ના સંકલનના અભાવે બે દિવસથી નાગરિકો ગરમીમાં પરેશાન થવા મજબૂર બન્યા છે.

બાપોદ જકાતનાકા ખાતે આવેલા રંગવાટીકા નજીક આવેલા કૃષ્ણ કુંજ સોસાયટી અને વેદ રેસિડેન્સી પાસે પાલિકા તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટ હેઠળ પાણીની લાઇન ની કામગીરી કરવામાં આવી રહી છે પરંતુ બીજી



તરફ શહેરના ઘણા વિસ્તારોમાં વીજ કંપનીના કેબલો અંડર ગ્રાઉન્ડ જમીનમાં આવેલા છે અહીં કોઈપણ પ્રકારની કામગીરી કરતા પહેલાં સ્માર્ટ પાલિકા તંત્ર દ્વારા વીજ કંપની સાથે જે તે વિસ્તારમાં ખોદકામ સહિતની કામગીરી કરતા પહેલાં સંકલન કરવું જોઈએ જેથી વીજ કેબલોને નુકસાન ન થાય કે કોઈ દુર્ઘટના ન સર્જાય સાથે જ લોકોને કાળઝાળ ગરમી વચ્ચે હાલાકી ભોગવવાનો વારો ન આવે પરંતુ પોતાને સ્માર્ટ પાલિકા તંત્ર કહેવડાવતુ તંત્ર અને તેના અધિકારીઓ દ્વારા વીજ કંપની સાથે કામગીરી અંગેની કોઈપણ પ્રકારની માહિતી આપ-લે સંકલન વિના જ આડેધડ કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રંગવાટીકા પાસેના વેદ રેસિડેન્સી અને કૃષ્ણકુજ સોસાયટી પાસે પાણીની લાઇન ની કામગીરી દરમિયાન વીજ કેબલ કપાતાં બાપોદ જકાતનાકા વિસ્તારમાં બુધવારે સવારે 09:50 થી બપોરે 12:20 સુધી વીજળી ગુલ થઇ જતાં વિસ્તારના નાગરિકોને ગરમીમાં પરેશાન થવાનો વારો આવ્યો હતો તે જ રીતે મંગળવારે પણ આ વિસ્તારમાં દોઢેક કલાક વીજ કાપથી લોકો પરેશાન થઇ ગયા હતા ખાસ કરીને બિમાર લોકો, આ વિસ્તારમાં આવેલા ઓફિસ, દુકાનોમાં વીજળી ગુલ થતાં લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.કોઈપણ પ્રકારની જાહેર સૂચના વિના જ કામગીરી કરવામાં આવે છે અને પાલિકા તંત્ર તથા વીજ કંપની વચ્ચે સંકલનના અભાવે છેલ્લા બે દિવસથી પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડિયારોડ સ્થિત બાપોદ જકાતનાકા ના સમગ્ર એરિયામાં લોકો પરેશાન થઈ રહ્યા છે.

## RTE હેઠળ કુલ 11,668માંથી 8100 અરજીઓ મંજુર

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

દર વર્ષે હજારોની સંખ્યામાં વાલીઓ દ્વારા આરટીઈમાં પ્રવેશ લેવા અરજી કરે છે જોકે બેઠકો ઓછી હોવાથી મેરીટ ના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. વડોદરા શહેરમાં ગત વર્ષે 8,000 કરતાં વધુ વાલીઓએ આરટીઈમાં પ્રવેશ માટે ફોર્મ ભર્યા હતા. જો કે 3000 બેઠકો હોવાથી પાંચ હજાર વિદ્યાર્થી આરટીઈ હેઠળ પ્રવેશ મેળવી શક્યા ન હતા. હાલ ચાલુ વર્ષે વડોદરા શહેરમાં 341 સ્કૂલોમાં 4800 બેઠકો છે. જેની સામે કુલ 11,668 ફોર્મ ભરાયા હતા.જેમાંથી 8100 અરજીઓ મંજુર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ પ્રવેશ મેળવવા 26 માર્ચ ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ જાહેર કરવામાં આવી હતી. પરંતુ, વાલીઓને કોઈ અગવડતા ન પડે તે માટે મુદતમાં વધારો કરી 30 માર્ચ રાત્રીના 12 વાગ્યા સુધી કરવામાં આવી હતી.

નવા મ્યુ. કમિશનરને પત્ર લખી કાર્યવાહી કરવા કોંગી કોર્પોરેટરની રજૂઆત

## લાલબાગ તળાવમાં માટીનું ડમ્પીંગ કરાતા કોન્ટ્રાકટર સામે કાર્યવાહીની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

લાલ બાગ પાણીની ટાંકીની કામગીરી કરતા ઈજાદાર દ્વારા લાલબાગ તળાવમાં માટીનું ડમ્પીંગ કરવામાં આવી રહ્યું છે કોન્ટ્રાક્ટરની આ હરકતથી પાણીના નિકાલ અંગેનો પ્રશ્ન ઉદભવશે. તેવી ચિંતા ઈલેક્શન વોર્ડ નંબર 13 ના કોંગ્રેસના કાઉન્સિલર બાળું સુર્વે એ વ્યક્ત કરી છે અને સ્થળ તપાસ કરી આ ગંભીર બાબતને લઈને જવાબદાર અધિકારીઓ તેમજ ઈજાદારો પર કાર્યવાહી કરવા માંગ કરી છે.

બાલુ સુર્વેનું કેવું છે કે આ પાણી જવાનો રસ્તો જો માટીના ડમ્પિંગના કારણે બંધ કરી દેવામાં આવશે તો લાલબાગ તળાવ કાશી વિશ્વનાથ તળાવ તેમજ ચોખંડી અને અન્ય વિસ્તારોમાંથી આવતો પ્રાણી ક્યાં જશે તેનો નિકાલ નહીં થાય તો ફરી એક વખત ચોમાસા દરમિયાન અમારા વિસ્તારના લોકોના ઘરમાં પાણી ભરાશે જે મામલે તંત્રએ ત્વરિત કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે તળાવ પહોળા કરવા માટે જે રોડા છારું જે કંઈ નીકળે એને કોઈ જગ્યા ફાળવેલી હોય ત્યાં ડમ્પીંગ કરવામાં આવે ત્યારે જ્યારે જ્યારે પાણી નિકાલ નો રસ્તો હોય ત્યાં આગળ માટીનું ડમ્પિંગ કરવામાં આવ્યું છે. વડોદરા શહેરના નગરજનોએ ગત વર્ષે ચોમાસામાં જોયું હતું



પૂર આવ્યું અને કરોડો રૂપિયાનું લોકોને નુકસાન થયું તેમ છતાં ઈજારો આપ્યા બાદ અધિકારીઓ સુપરવિઝન કરતા નથી જેના કારણે તળાવ નાના થઈ ગયા છે અને આ પાણી વિસ્તારમાં ફેલાઈ જશે અને ફરી પૂરની પરિસ્થિતિ થશે. આકાર કન્સ્ટ્રક્શન ના ઈજાદારને તેમજ પાલિકાના જે અધિકારીએ સુપરવિઝન કરવાનું હોય એના પર પણ કાર્યવાહી કરવી જોઈએ નોટિસ આપવી જોઈએ એવી અમારી માંગ છે. અમે નવા મ્યુનિસિપલ કમિશનરને પણ આ વાતની જાણ કરી છે પત્ર પર લખ્યું છે અને જણાવ્યું છે કે તાત્કાલિક ધોરણે ઈજાગાર તથા અધિકારી ઉપર એક્શન લેવામાં આવે. જો વહેલી તકે આ કામગીરી કરવામાં નહીં આવે તો ચોમાસા દરમિયાન ફરી વિસ્તારમાં પાણી ભરાશે અને લોકોને ભારે નુકસાન થશે.